ક્રમાંક:ઘ-૨/માધ્ય./તબીબી/૨૦૨૫-૨૬/ ૧૪૦૧-૧૫

પરિપત્ર

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,
ગુ.રા.,ગાંધીનગર
તા.૨૨/૦૭/૨૦૨૫.

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

શ્રીમાન,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૫ના ઠરાવક્રમાંક:HFWD/PM/e-file/7/2025/0214/A-1થી ગુજરાત કર્મયોગી સ્વાસ્થય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફીટ પેકેજ) અમલમાં મુકવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવ અનવયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૮/૦૫/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:HFWD/PM/e-file/7/2025/0214/A-1થી ગુજરાત કર્મયોગી સ્વાસ્થય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફીટ પેકેજ) અંગે જરૂરી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય સેવા તબીબી સારવાર નિયમો-૨૦૧૫ અન્વયે રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક/વહીવટી કર્મચારીઓ તથા પેન્શનરોના કિસ્સામાં અમલવારી કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા સારુ સદર ઠરાવ તથા પરિપત્ર આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

બિડાણ:ઠરાવ/પરિપત્ર

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર.

જા.નં. મીડિયાપત્ર/૨૦૨૫/ ૫૫૨૫૬-૫૭૩૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
પંચમહાલ ગોધરા
તા.૨૯/૦૭/૨૦૨૫

વી-જાણ તથા અમલ કરવા સારૂં.

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત
માધ્ય. ઉ.મા. શાળાઓ તમામ
જિ. પંચમહાલ

જિલ્લા શિક્ષણાધિકારી
પંચમહાલ, ગોધરા
કોડ નં. - ૫૪

રાજ્યમાં ''ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ)'' અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર

**File No.HFWD/PM/e-file/7/2025/0214/A-1**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫/૦૫/૨૦૨૫

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગના તા.૨૪/૮/૨૦૧૫ના ઠરાવથી જાહેર કરેલ ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫.

(૨) આ વિભાગનો તા.૦૮/03/૨૦૧૬નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧.

(3) આ વિભાગનો તા.30/૮/૨૦૧૬નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧.

(૪) આ વિભાગનો તા.૨૭/03/૨૦૧૮ નો ઠરાવ ક્ર.FPW-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧.

(૫) આ વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૪ નો ઠરાવ ક્ર.તસખ/૧૦૨૦૧૮/૬૬૮૮૦૮/અ-૧.

<u>**પ્રસ્તાવના:**</u>

રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો, નિવૃત **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ તથા આ તમામનાં આશ્રિત કુટુંબીજનોએ મેળવેલ તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમ (૪) પરનાં આ વિભાગનાં ઠરાવથી રાજ્ય સરકારનાં વર્ગ-3 નાં સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિયુક્ત થયેલ ફિક્સ પગારનાં કર્મચારીઓને જે તે સમયે અમલી ''મા અમૃતમ યોજના'' (હાલ **PMJAY** યોજના) અંતર્ગત કેશલેસ તબીબી સારવારનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે રાજ્યનાં સેવારત **ALL INDIA SERVICES (AIS)** નાં અધિકારીશ્રીઓ અને તેમનાં આશ્રિતો માટે **All India Services (Medical Attendance) Rules, 1954** મુજબનાં લાભ આપવામાં આવે છે.

આમ, હાલની વ્યવસ્થા મુજબ રાજ્ય સરકારનાં ફિક્સ પે નાં કર્મચારીઓને **PMJAY** અન્વયે આવરી લઇ કેશલેસ તબીબી સારવારનો લાભ આપવામાં આવી રહેલ છે. જ્યારે તે સિવાયનાં તમામ સેવારત અથવા નિવૃત અધિકારીઓ / કર્મચારીઓ અને તેઓનાં આશ્રિત કુટુંબીજનોનાં કિસ્સામાં મેડીકલ રીએમ્બર્સમેન્ટની યોજના અમલમાં છે. વહીવટી સુધારણાનાં ભાગરૂપે મેડીકલ રીએમ્બર્સમેન્ટની પ્રક્રિયામાં સુધારો કરીને તેની જગ્યાએ **PMJAY** અંતર્ગત કેશલેસ પ્રકારની માળખાકીય વ્યવસ્થા ઉપયોગમાં લઇ **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ તથા પેન્શનરો અને રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તથા આ તમામનાં આશ્રિત કુટુંબીજનો માટે પી.એમ.જે.એ.વાય.ના લાભાર્થી તરીકેની કેટેગરી ઉમેરીને તેઓને **AB-PMJAY-MAA** યોજના હેઠળ કેશલેસ તબીબી સારવારનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે પ્રસ્તુત બાબતે નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે:-

<u>**ઠરાવ:**</u>

૧. ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતાં**ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ તથા પેન્શનરો, રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તથા આ તમામનાં આશ્રિત કુટુંબીજનોને **AB-PMJAY-MAA** યોજના હેઠળ કેશલેસ તબીબી સારવારનો લાભ મળવાપાત્ર થશે.

૨. આ યોજના **"ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ)"** તરીકે ઓળખાશે.

3. પ્રવર્તમાન ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ અને તેમનાં આનુષાંગિક ઠરાવોથી નિયત થયેલ જોગવાઇ મુજબની **PMJAY** એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે **AB-PMJAY-MAA** અંતર્ગતના પેકેજ અનુસાર થયેલ રોગની તબીબી સારવાર કેશલેસ મળવાપાત્ર થશે. અન્ય સંજોગો માટે રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તથા તેમનાં આશ્રિત કુટુંબીજનો માટે હાલનાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા તેને આનુષાંગિક ઠરાવ અનુસાર અને **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ માટે **All India Services (Medical Attendance) Rules, 1954** અનુસાર મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

૪. <u>સદર યોજના હેઠળ બહારનાં દર્દી(**OPD**) તથા **OPD** અંતર્ગતની સારવારનો સમાવેશ થશે નહી.</u>

૫. આ યોજનાનો લાભ મેળવવા માટે **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ અને હાલમાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ નો લાભ મેળવતાં હોય (સેવારત અને પેન્શનર્સ) તેઓએ **AB-PMJAY-MAA** કાર્ડ મેળવવાનું રહેશે. આ માટે <u>**"G"**</u> સીરીઝનું કાર્ડ ફાળવવા અને આ કાર્ડ અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી રાજ્યમાં **AB-PMJAY-MAA** યોજનાનાં અમલીકરણ માટે રચાયેલ નોડલ એજન્સી **SHA (STATE HEALTH AGENCY)** દ્વારા કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળનાં લાભાર્થીઓને કુટુંબ દીઠ વાર્ષિક રૂ.૧૦.૦૦ લાખ(અંકે રૂપિયા દસ લાખ પૂરાં) સુધીની તબીબી સારવાર કેશલેસ મળવાપાત્ર રહેશે તથા કુટુંબ દીઠ રૂ.૧૦.૦૦ લાખની તબીબી સારવાર ઉપરાંતના ખર્ચ માટે ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા તેનાં આનુષાંગિક ઠરાવ અનુસાર અને **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ માટે **All India Services (Medical Attendance) Rules, 1954** અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

Letter No: HFWD/0606/05/2025 Approved Date: 15-05-2025

- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, (ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

**ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) અંગે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવા બાબત.**

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંક: **HFWD/PM/e-file/7/2025/0214/A-1**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૫/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક. **HFWD/PM/e-file/7/2025/0214/A-1**

પરિપત્ર:-

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૫/૦૫/૨૦૨૫ નાં ઠરાવ ક. HFWD/PM/e-file/7/2025/0214/A-1 થી ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતાં ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓ તથા પેન્શનરો, રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તથા આ તમામનાં આશ્રિત કુટુંબીજનોને AB-PMJAY-MAA યોજના હેઠળ ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) નો લાભ આપવામાં આવેલ છે.

૨. આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીઓ પાસે PMJAY યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. આ કાર્ડ ફાળવવાની કામગીરી SHA (STATE HEALTH AGENCY) ને સોંપવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકારનાં અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોનાં કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ નાં નિયમ - (૨.૨) માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓનાં કિસ્સામાં તેઓને લાગુ પડતાં All India Services (Medical Attendance) Rules, 1954 માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતાં હોય તેવાં તેમનાં આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું થાય છે.

૩. ઉપર્યુક્ત વિગતોએ સેવારત ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓ તથા રાજ્ય સરકારનાં અધિકારીઓ, કર્મચારીઓનાં કિસ્સામાં જ્યાં કાર્યરત છે તે કચેરીનાં વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. ALL INDIA SERVICES (AIS) અને રાજ્ય સરકારનાં પેન્શનરનાં કિસ્સામાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી / પેટા તિજોરી કચેરી / પેન્શન ચૂકવણા કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાનાં જિલ્લા તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારી / પેન્શન ચૂકવણા અધિકારી / પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે, જે કચેરીમાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીનાં વડાએ આ સાથે સામેલ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. E-KYC કરી શકાય તે હેતુથી કુટુંબનાં દરેક સભ્યનો આધાર નંબર દર્શાવવાનો રહેશે.

૪. ફિક્સ પગારનાં કર્મચારીનાં કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂંક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઇ અધિકારી / કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામું આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીનાં અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને આવી કાર્યવાહીનાં અંતે સંબંધિત સરકારી અધિકારી/ કર્મચારી, તેને લાગુ પડતા પેન્શનનાં નિયમો મુજબ પેન્શનર ગણાવાપાત્ર ન રહે તેવાં કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીનાં વડાએ SHA (STATE HEALTH AGENCY) ને તે અંગેની તુરત જ જાણ કરવાની રહેશે અને તેના આધારે SHA દ્વારા PMJAY માં ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) નાં લાભાર્થી તરીકેનાં નામમાંથી તેઓ અને તેઓનાં કુટુંબનાં સભ્યોનાં નામો કમી કરવાનાં રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(વી.બી.પઢારીયા)

સંયુક્ત સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

બિડાણ : (પ્રમાણપત્રનો નમૂનો)

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨,સચિવાલય, ગાંધીનગર.

૪. સચિવાલયના સર્વે વહીવટી વિભાગો(આપનાં હસ્તકની તમામ કચેરીઓમાં પરિપત્રિત કરવાની વિનંતીસહ)

૫. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

૮. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.

૯. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.

૧૦. સિસ્ટમ મેનેજરશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (પરિપત્ર વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ)

૧૧. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ

૧૨. સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

**Annexure of Circular No.: HFWD/PM/e-file/7/2025/0214/A-1**

**Format of Certificate regarding family details.**

---

**CERTIFICATE**

This is to certify that :-

- Mr./Ms./Mrs.......................................is currently serving / retired as ..................................in the office / department of........................... and his/her HRPN No. / P.P.O.No. is .......................
- He / She is in-service / retired officer of the All India Services (AIS) or in-service / retired officer / employee of the Government of Gujarat.
- For the purpose of medical reimbursement, the definition of "family" as per the All India Services (Medical Attendance) Rules, 1954 or the Gujarat State Services (Medical Treatment) Rules, 2015 shall be applicable.
- As per the applicable medical reimbursement rules, the details of the employee / officer / and their dependent family members are as follows:

| No. | Names of Employee/pensioner and their Family Members | Relation | Aadhaar No. | Date of Birth | Age | Remarks (If Any) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

**Date:**

**Place:**

(.................................)

**Signature/Seal of Head of Office/Department/ Treasury Officer**

**Round Seal of Office/Department**

***Note - Delete which is not applicable.**

Signature valid
Signed by:V B[illegible]adharlya
Joint Se[illegible]
Date: 2025.[illegible].28
16:12:54 +05:30

File No: HFWD/PM/e-file/7/2025/0214/A1
Approved By: Principal Secretary,HFWD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*